સુવિચાર : સમયને તમારો માલિક બનાવવા કરતાં સમયને તમારો નોકર બનાવો - સમયસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૯ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૬, બુધવાર ; મહા સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## મોદી- મમતા બેનર્જી ૨૧મીએ એક મંચ પર

**મોદી સરકારી પ્રોજેક્ટોની આધારશીલા મુકશે : મોદી ભાજપની કોઇ રેલી યોજશે નહી તેમજ પાર્ટી લીડરો સાથે બેઠક કરનાર નથી : સ્થાનિક ભાજપ નેતાઓ નિરાશ**




કોલકત્તા,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧મી ફેબ્રુઆરીના દિવસે કેટલાક સરકારી પ્રોજેક્ટોની આધારશીલા મુકવા માટે પશ્ચિમ બંગાળની મુલાકાત લેનાર છે. મોદી પ્રાથમિક કાર્યક્રમ મુજબ કોલકત્તામાં ગૌડિયા મઠની મુલાકાત પણ લેનાર છે. જ્યાં તેઓ એક કાર્યક્રમમાં હાજરી આપનાર છે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી આ પ્રસંગે તેમની સાથે રહેશે. મોદી તેમની બંગાળની યાત્રા દરમિયાન ભાજપની કોઈ રેલી સંબોધનાર નથી.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈ હુમલામાં ISIનો નાણાંકીય ટેકો હતો : હેડલી

**હેડલીએ સતત બીજા દિવસે અનેક ચોંકાવનારી માહિતી આપી ભારતીય સેનામાંથી જાસુસોની ભરતી કરવા કહેવામાં આવ્યું હતું**

મુંબઈ,તા. ૯

નવેમ્બર ૨૦૦૮માં મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલા મામલામાં મુખ્ય સાક્ષી અને ખતરનાક ત્રાસવાદી ડેવિડ કોલમેન હેડલીએ આજે સતત બીજા દિવસે મુંબઈ હુમલાની યોજના અને તેને અંજામ આપવાને લઈને ચોંકાવનારી માહિતી આપી હતી. આજે બીજા દિવસે હેડલીએ કહ્યું હતું કે, પાકિસ્તાનની આઈએસઆઈ દ્વારા હુમલાખોરો અને હુમલા કરવા માટે તોઈબાની નૈતિક, નાણાંકીય ટેકો આપ્યો હતો. આજે પણ ખાસ ટાડા કોર્ટ સમક્ષ જુબાની આપવા માટે ઉપસ્થિત રહેલા હેડલીએ કહ્યું હતું કે, લશ્કરે તોઈબા, જૈશે મોહમ્મદ યુનાઈટેડ જેહાદ કાઉન્સિલ હેઠળ કામ કરે છે. તેમનો એકમાત્ર હેતુ ભારત સામે પ્રોક્સીવોર ચલાવવાનો છે. પ્રોસીક્યુટરો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં હેડલીએ પાકિસ્તાની આર્મી અને આઈએસઆઈના અધિકારીઓ સાથે તેમની મિટિંગ અંગે પણ માહિતી આપી હતી. અન્ય એક ધડાકામાં હેડલીએ કહ્યું હતું કે, લશ્કરે તોઈબાએ ૨૦૦૭માં મુંબઈની હોટલ તાજમાં ભારતના સંરક્ષણ વૈજ્ઞાનિકોને ટાર્ગેટ બનાવવાની યોજના પડતી મુકી હતી. કારણ કે તે વખતે હથિયારો સમયસર પહોંચ્યા ન હતા. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે પ્રથમ દિવસે જુબાની આપતી વેળા અનેક ચોંકાવનારા ધડાકા કર્યા હતા.



## સિયાચીન ગ્લેશિયરમાં ૨૫ ફુટ નીચેથી જવાન જીવિત મળ્યો

**છ દિવસ બાદ જવાન જીવિત મળતા મોટી રાહત : ચમત્કારિકરીતે જીવિત મળેલા જવાની હાલત હજુ ગંભીર**





નવી દિલ્હી,તા. ૯

સિયાચીન ગ્લેશિયરમાં હિમવર્ષા દરમિયાન વિશાળ બરફશીલા ધસી પડ્યા બાદ દટાઈ ગયેલા જવાનો પૈકી એક જવાન ૨૫ ફુટ નીચે જીવિત મળતા રાહતનુ મોજુ ફરી વળ્યુ છે. સાથે સાથે આને ચમત્કાર તરીકે પણ જોવામાં આવે છે. ઉત્તરીય સૈન્ય કમાન્ડર લેફટીનેન્ટ ડીએસ હુડ્ડાએ કહ્યુ છે કે આ એક ચમત્કારિક બચાવ છે. બચાવ કામગીરી હજુ પણ ચાલી રહી છે. લાન્સ નાયક હમામન થાપાને આરઆર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત હજુ ગંભીર હોવાના અહેવાલ મળ્યા છે. તેમણે કહ્યુ હતુ કે હજુ સુધી પાંચ મૃતદેહો હાથ લાગ્યા છે. ચારની ઓળખ કરી લેવામાં આવી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે કર્ણાટકના નિવાસી થાપા સાથે વધુ એક ચમત્કાર થઈ શકે અને તેઓ ફરી સ્વસ્થ થઈ શકે. પાકિસ્તાન સાથે જોડાયેલી અંકુશ રેખાની નજીક આશરે ૧૯૦૦૦ ફુટની ઉંચાઇ પર ચોકી પર વિશાળ હિમ શીલા પડતા મોટી સંખ્યામાં જવાનો ફસાઈ ગયા હતા. દટાયેલા તમામ જવાનોના મોત થયા હોવાની દહેશત પહેલાથી જ તમામ દ્વારા વ્યક્ત કરવામાં આવી ચુકી છે. આ હિમશિલા પડતા એક જુનિયર કમિશન્ડ અધિકારી અને મદ્રાસ રેજિમેન્ટના અન્ય નવ જવાન જીવિત દફન થઈ ગયા હતા. આ વિસ્તારમાં પારો માઈનસ ૪૫ ડિગ્રી રહે છે. સિયાચીન ખાતે બચાવ અને રાહત કામગીરી હજુ ચાલી રહી છે. ભારતીય સૈનિકો લાપતા થયા બાદ આ મામલે તપાસ કરવા અને મદદ કરવાની પાકિસ્તાને પણ ઓફર કરી હતી જેને ભારતે ફગાવી દીધી હતી.

# અન્ડર-૧૯ વર્લ્ડકપમાં ભારતનો સેમિફાઇનલમાં વિજય

**ભારતીય ટીમ પાંચમી વખત ફાઈનલમાં પહોંચી : મેન ઓફ દ મેચ બનેલા અનમોલપ્રિત સિંહના ૯૨ બોલમાં ૭૨ રન : ભાવિ ભારતીય ખેલાડીઓનો જોરદાર દેખાવ : ૧૪ ફેબ્રુઆરીએ ફાઇનલમાં રમશે**

મિરપુર,તા. ૯

ભારતીય ટીમે અન્ડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપની ફાઈનલમાં કૂચ કરીને ચોથી વખત વર્લ્ડકપ જીતી લેવા માટેનો મજબૂત દાવો કરી લીધો છે. ભારતીય ટીમ હવે હોટફેવરિટ તરીકે દેખાઈ રહી છે. આજે આઈસીસી અન્ડર-૧૯ વર્લ્ડકપની સેમિફાઇનલમાં મિરપુરના શેરેબાંગ્લા નેશનલ સ્ટેડિયમ ખાતે ભારતે શ્રીલંકા ઉપર ૯૭ રને જીત મેળવીને ફાઇનલમાં કુચ કરી હતી. ભારતીય ટીમ પાંચમી વખત ફાઈનલમાં પહોંચી છે જેથી ક્રિકેટ ચાહકોમાં ભાવિ ક્રિકેટરોની યોજનાને લઈને નવી આશા જાગી છે. ભાવિ ભારતીય ક્રિકેટરો ધરખમ ફોર્મમાં દેખાઈ રહ્યા છે. ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૬૭ રન કર્યા હતા. ભારત તરફથી અનમોલપ્રિત સિંહે ૯૨ બોલમાં ૭૨ રન બનાવ્યા હતા જેમાં છ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. સરફરાઝ ખાને ૭૦ બોલમાં ૫૯ રન કર્યા હતા. જ્યારે વોશિંગ્ટન સુંદરે ૪૩ રન કર્યા હતા. એક વખતે નિરાશાજનક સ્થિતિમાં મુકાઈ ગયા બાદ ભારતીય ટીમો વાપસી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર



બજારમાં નવા મરચા આવે તેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે... હાલમાં મરચા ખારીમાં કામ કરતી મહિલાઓ નજરે પડે છે. જો કે બજારમાં આવતા હજુ થોડો સમય લાગશે....

# ભાજપ પ્રદેશ પ્રમુખની વરણી મામલો પાછો ઠેલાયો

**ભાજપમાં અનિર્ણાયક સ્થિતિનો દોર યથાવત : પ્રભારી દિનેશ શર્માના કહેવા મુજબ ૧૫ ફેબ્રુઆરી પછી, જાડેજા ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહનો દાવો કરી રહ્યા છે**

અમદાવાદ, તા.૯

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખના નામની જાહેરાતની તિથિ વધુ એક વાર પાછી ઠેલાઈ છે. ભાજપના પ્રભારી ડૉ. દિનેશ શર્માએ ૧૫મી ફેબ્રુઆરી પછી જ ગુજરાત ભાજપના નવા પ્રમુખની જાહેરાત થશે. તેવો ખુલાસો કર્યો છે ત્યાં બીજી તરફ એક વેબ પોર્ટલના અહેવાલ મુજબ ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ અગાવી ૨૭મી ફેબ્રુઆરીએ ગુજરાતમાં નગર પાલિકાઓની ચૂંટણી હોવાથી ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં પ્રદેશ પ્રમુખની જાહેરાત થશે તેમ જણાવી પ્રમુખની જાહેરાતનો મુદ્દો હજુ લટકતો રહેશે તેવો આડકતરો સંકેત આપી દીધો છે. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ વચ્ચેનું રાજકીય વૈભનસ્યનું નાટક હવે ખુલ્લેઆમ ભાજપના તખ્તા ઉપર ભજવાઈ રહ્યું છે. ભાજપના પ્રદેશ પ્રમુખની પસંદગીના મામલે બન્ને ધુંરધરો વચ્ચે સર્જાયેલા ભારે ગજગ્રાહ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અનિર્ણયકતા હવે ભાજપના નેતાઓ જ નહી કાર્યકરોને પણ પરેશાન કરી રહી છે.

ત્યાં બીજી તરફ ભાજપના પ્રભારી અને પ્રવક્તા તારીખ પે તારીખ પાડી ભારે લાચારીવશ આ અસમંજસ ભરી સ્થિતિના દૌરને વધુ લંબાવી રહ્યા છે. ભાજપના પ્રભારી ડૉ. દિનૈશ શર્માએ મિડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હાલ દેશના કેટલાંક રાજયોમાં ભાજપના પ્રદેશ પ્રમુખોની વરણીની પ્રક્રિયા બાકી છે ત્યારે આ તમામ રાજયોના પ્રદેશ પ્રમુખોની એક સાથે જ દિલ્હીથી જાહેરાત કરવામાં આવશે. આ પરિપેક્ષ્યમાં તા. ૧૫મી ફેબ્રુઆરી પછી જ ગુજરાતના પ્રદેશ પ્રમુખની જાહેરાત થશે. દરમિયાન એક વેબ પોર્ટલે ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાના નામે એવા અહેવાલ વહેતા કર્યા છે કે આઈ કે જાડેજાના કહેવા મુજબ ગુજરાતમાં તા. ૨૭મી ફેબ્રુઆરીએ થનારી નગર પાલિકાઓની ચૂંટણી સુધી વર્તમાન પ્રમુખ આર સી ફળદુ યથાવત રહેશે અને ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં જ ચૂંટણી પછી નવા પ્રમુખની જાહેરાત કરવામાં આવશે.

# ઉચ્ચ શિક્ષણને અસરકારક બનાવવા કેન્દ્ર સરકાર સમક્ષ ભલામણ

**પરીક્ષા વ્યવસ્થામાં સુધારા રજૂ કરવા, લેબ અને કોમ્પ્યુટર સુવિધા માટે ખાનગી સેક્ટરને જવાબદારી સોંપવા માંગ**

અમદાવાદ,તા. ૯

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રાલયને ગુજરાત સરકાર દ્વારા મોકલવામાં આવેલી નવી મુસદ્દા શિક્ષણ નીતિમાં ઘણી બધી આક્રમક જોગવાઈ કરવામાં આવી છે જેના ભાગરુપે ગુજરાત સરકારે ૨૦ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો છે જેમાં ઉચ્ચ શિક્ષણને ફરી અસરકારક બનાવવા અને તેને સજીવન કરવાની વાત કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણમાં સુધારા લાવવા માટે ઘણા બધા સૂચનો કરવામાં આવ્યા હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણને અસરકારક બનાવવા માટે એવા ઓછામાં ઓછા ૨૦ ક્ષેત્રો શોધી કાઢ્યા છે જેમાં ધ્યાન આપવાની જરૂર છે. આ સૂચનોમાં નવા કાયદા લાવવાથી લઈને સેનેટ, સિન્ડિકેટ, માળખાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યભરમાં અન્ય કેટલાક શૈક્ષણિક સુધારા કરવાની વાત કરવામાં આવી છે. સરકારે જે મુદ્દા સુચવ્યા છે તેમાં રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ કાઉન્સિલની રચના કરવાની વાત કરવામાં આવી છે. આના કારણે પોલિસી મજબૂત થશે તથા રાજ્ય

● અનુસંધાન પાન-૭ પર

એપ્રિલ-મે-જૂન ફેમિલી/કપલ પ્રવાસો 3 સ્ટાર હોટલ, એ.સી. રૂમ, ગુજરાતી-પંજાબી-કાઠીયાવાડી ભોજન
હિમાચલ - દિલ્હી-સિમલા કુલુ-મનાલી ડેલહાઉસી - ₹18,500
કાશ્મીર - જમ્મુ-શ્રીનગર ગુલમર્ગ-સોનમર્ગ પહેલગાંવ-વૈષ્ણોદેવી - ₹18,500
ચારધામ - હરિદ્વાર-બદ્રીનાથ કેદારનાથ-ગંગોત્રી યમનોત્રી-રૂદ્રપ્રયાગ - ₹19,500
કેરાલા - ત્રિવેન્દ્રમ-કન્યાકુમારી એલેપ્પી-થેકડી મુન્નાર-કોચીન - ₹18,500
સાઉથ - બેંગ્લોર-તિરૂપતિ મૈસુર-ઉટી-કો.કેનાલ રામેશ્વર-કન્યાકુમારી - ₹20,500
ફ્રી* થર્ડ એ.સી. રેલ્વે ટિકિટ જતાં-આવતાં
ભારત દર્શન ટ્રાવેલ્સ Since 1998
૧, ક્રિમસીમ કોમ્પ્લેક્ષ, ગણેશ પ્લાઝા પાસે, નવરંગપુરા, અમદાવાદ. 9824366266, 9429066266


હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ઠંડીમાં ગરમા ગરમ સાત્ત્વિક અને સ્વાદિષ્ટ રજવાડી ખીચડી*










શિયાળાની શરૂઆત સાથે જ સ્વાદસભર મેનુમાં મજેદાર વાનગીઓનું આગમન...!
આવો, એકવાર ચાખી જુઓ..
*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ

અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
we know your taste! pooja PARLOUR
પૂજા પાર્લર
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162
મો. : 99099 46466